# ગુસ્તાદ ધામટ.

## ફાર્સ એક અંકી.

વિક્ટોરિયા નાટક મંડલીને માટે

લખનાર

ખુરશેદજી મેહરવાનજી બાલીવાલા.



મુંબઈ:—
ન્હા. ર. રાણીનાના યુનિયન પ્રેસમાં છાપ્યોછે.

સન ૧૮૯૩.

કિંમત બે આના.

# ગુસ્તાદ ઘામટ.

[દીવાનખાનાની વચલી દીવાલપર બરોબ-
ર વચમાં એક બારી, જેની ઉપર કર-
ટન નાખેલીછે; બારીની જમની તથા
ડાબી બાજુ તરફ દીવાલમાં એક એક
બારણું; તથા બારીની ડાબી બાજુ તરફ
એક કબાટ; વચમાં ટેબલ, ફરનીચેર, ખુ-
રસી, ઇત્યાદી દેખાયછ. વખત સમી સાં-
હાંજનો. શીરિન ફરવા ગિયાંછ, તેથી સુ-
ના બારી આગળ ઉભી રહી રાહ જોયછ.
બારીની દીવાલપર બાહરથી સીડી મુકે-
લી જોઈ સુના ચિરડાયછે.]

સુના——હેનુ હીનું હરે તે કરિયો નકામો જીવ કહડાવી મરે! મુવાને કેહલું, કે સુનો જગાડીને હીડી ઉચકી લાખજે, પણ જહાંની ત્હાંજ જોંછી ગિયેલો! [થોબીને] હેડેખી હું બંગલો હોંચી કાહયડો! હેરે ઘેરે વહવાનુ મેલી દઇને જંગલમાં લાવી લાયખ્યાં! હાંજેતો જાણે કડવા આવે! મન જાણે કે હવા ફેર બદલ કરવા મુમ્બઇથી આવેલા, ને પોતે તો મગ્ભઈજ ઢેલા ખાયા કરે, ને દોહતારો હાથે રાંડો નચાયવા કરે! બલા જાણે, કે બેરી ઝુરતી હોહે, કે મરતી હોહે, પણ જીવને તો દુખ દેખાડ! [કમ્પાઉન્ડમા જોઇને] ઇયે! એ બાઈ બાપીલાં કેમ આવે? એ પાછલ અજાણો પાનહી કોન?

[સુના બારિયેથી તુરત જમની બાજુના વ-
ચલાં બારણાં તરફ જાયછે, ને બારણું
ઉઘાડી ઘભરાયલાં શીરીનને અંદર લેછ,
શીરિન અંદર આવી તુરત સ્ટૉપર ફેરવી
બારણું બંધ કરેછ.]

**શીરિન**——[ગુસ્સામાં] હત તુ મરે મુવા ચોર! મુવા ચકરમ!

**સુના**———[અચરતીથી] હું કે બાઈ! કેહોતો ખરાં.

**શીરિન**——મુવો કોઇ ઘેલો જેહવો બે દહાડા થયા પુઠે પુઠે ફ્રિયાં કરેછ, ને આજે તો ચેર સુધી પછવાડે આવવાની હિમ્મત કિધી!

**ગુસ્તાદ**——[બાહરથી] અરે હું ઢેલો નટી–ઢગ બાજુ હુંઢારો–બાપના ટમ, હુટો ડાહ્યો ટઉં.

**શીરિન**——મુવો ઘોડાની બિલકુલ ખિસેલો છે, ને કેહજે "ઘેલો નથી!"

**સુના**———લે કાકા, હવે અમોલા અમોલા હધાવો, નહીં તો હાલ પામરી ઓઢ હો!

**ગુસ્તાદ**——વારૂં હું ટઠાણિટ! પણ પાટું આવવા ઢમોડેતો આવટ–બાપના ટમ, ઢરૂર આવટ.

[સુના બારિઓથી ચીમઘને જોયછ.]

**શીરિન**——મર મુવા પોણ્યા! મુવો બેહયા નકટ નાકે કેહછ, કે "ઢમોડેટો આવટ."

[ગુસ્તાદ જાયછ, હેવું સુના હાથના ઇશારાથી શીરિનને જણાવી નજદીક આવેછ.]

**સુના**———એ કૌન, મુવો ઉતો કૌન?

**શીરિન**——ભલા જાણે મ્હારી કે કૌન મુવોછ! [બંને બેશેછ] મુવો કોઈ ભુસા વગરનો તો દેખાયછ! મુવાએ પરમદહાડની પુઠ પકડ'તી, ને આજે તો સાહેબજી કરવાનીબી હીમ્મત કિધી! સારૂં થયું કે બંગલો નજદીક ઉતો, ને અંદર ભરઈ ગેઈ!

**સુના**———હેઠ જો ઘેરમાં હોય, તો હાવી ગ્હવઇ થાય? બાલી ચેર જોઇને કોઇબી જણાય, કે કૌન હોછે!

**શીરિન**——છેલાં કાગળમાં લખ્યુંતું, કે આજ કાલમાં આવશે, મેં કંઇ ઠેકાણું નહીં મલે! મુવા દોસ્તદારો પીછો મુકી મરે ત્યારે કેની! પૈસાને લિધે મુવા મધપર માખ ભૂ[illegible]

તેમ ભમે, ને રાંડોના નાચ કરાવી ગાયન સાંભળવાને બ્હાને ઠીઠી ઠાહા કરી મરે!

સુના——શંડોના નાચને બદલે તો એોલા નાટકમાં જાતા ઉતા તે ઠીક ઉતું.

શીરિન——સુવો નાટકનોબી તે ઢંગઢડો આજકાલ કાંહ બદલ્યોછ! પેલો બાલીવાલો, મહમુદ ગજનવી, આગ્રકા ખુન, ને નિગાહે ગફલત જેહવા, હિસ્ટોરકલ ને સોગિયલ એલો કરતો તો, તેની ભજવાંતોની કાની ભવાડો લઈ બેઠો છ! પેહનાંતો પ્લૉટ, લખાણ, ને એકર્ટીંગપર નાટકનો આધાર ઉતો, ને આજે તો તબલાની થાપ, ને કાફિયા રચનાની તાપ સાથે લાબ્મા લાબ્મા ગાયન ગાયાં, એટલે નાટક સારો થયો!

સુના——પણ એોલા છાપાવાલાતો વખાણ કરે, તે હેઠ છાપામાં વાચીને હમુને હમ્ગલાવતા હતા.

શીરિન——નાટકો કેહવી ઢબના લખાવવા, તથા કેહવી ઢબે બાજી બતાવવા, તે જો છાપાવાલાઓ સ્વતંત્ર મતે લખતા રેહ, તો પોતાની મેળે હાલના નાટકનો રંગ ઢંગ થોડા વખતમા બદલાય; પણ જ્યારે "બધાજ નાટક ખરાબ નથી" એમ લખે, ત્યારે નાટકવાલાઓની સારા નાટક લખવાની, ને બાજી બતાવાની કાલજી શું કામ કરે? કારણ કે તમાગગીરોને તો બધા નાટકો પસંદ પડેછ.

[બારી આગલ ખખગટ થવાથી શીરિન ચોકેછ.]

એ બારી આગલ શું ખખશટ થયો?

સુના——[બેદરકારીથી] હું થાય જો? બીહોનારે!

[સુના બારી ઉઘાડીને જોઈને ચોકેછ.]

અરે બાઈ ઓલોજ! કરિયાએ ભીતપર નીહગણી મુકેલી, તેની પર ચ્હડીને આવતો છે.

[શીરિન ઝડપમા બારી આગલ જઈ, જોઈને ચોંકેછ.]

શીરિન——ઓ ખોદાય હવે શું કરૂં! એતો પેલો જ મુ... બમજી છે!
સુના, જલ્દી બારણું બંધ કર.

[સુના બારી બંધ કરવા જાય, તેટલાં ગુ-
સ્તાદનું માથું દેખાયછ; ... ડાબી બા-
જુના બારણા તરફ ... ની રહેછ.]

ગુસ્તાદ——કેમ? મેં કહ્યુંહતું, કે હું પણ આવશ? આપના કસમ,
મ્હને ઘેર આવવા દવા ... ઠી.

શીરિન——સુના, મરે ... નું ન છ? મુને ગરની ધકેલી, ને
ગગડાવી દેના બારણાથી હડ!

[... શીરિન ડાબી બાજુના ઓરડામા
... બારણું બંધ કરેછ.]

ગુસ્તાદ——આપના કસમ, હું હઠો હવર, મગ હવર, પન કમાગ
પીટો નહી ... ... મહનું ... ટાની ... હસ
ટચોટ.

સુના——લે હવે આ ... ના જાતે, નહીતો કાતરનું મહી
ગિએતું, તેના હાથે ... પગની ધડ જાહે!

[... ઉપર ચહડવાની કોશેશ કરેછ, મુ-
ના ...]

[સ્વગત] ... અંદર આવે! [ગુસ્તાદ અંદર કુ-
દી પડેછ] હો તું જાય, કે મરવા કુટવાનું ખાંડણ નું
લાગ?

ગુસ્તાદ——આપના કસમ, ... તો મેહું ટાહરી નાટો, પણ હું નહી
હવાનો!

સુના——અરે પાગ ... અફખરા, કોમ એકલી બાઇ મણુસના
ઘેરમા આવતા ... હરમ નહી આવતી?

ગુસ્તાદ——હું આટઠ ... ... કરમ ટાની? આટલી ... ...
માટા ...

[ગુસ્તાદ બધી તરફ શીરિનને જોવછ.]

સુના——[સ્વગત] એતો કેવો બેજાનો ખિલો લાગે! લાગ ફા-
વે તો કંઇ ... ગામડયા ગત દેખાડું, કે ...
ભુલી જાય! [ગુસ્તાદને] તહમે કોનને જોવો?

**ગુસ્તાદ**——આપના ટમ, ટાહરી બાઇ ટાંહટે? ટગી બાઇનું નામ ઠીરિન ટે, ને હું ફગદ ટઊં. જો ટાહરી બાઇને હું નહીં જોવટ, તો ટોડારી મારીને મગી જવટ! મ્હારે જોઇયેતો આય ઘડિયાલ લે, પન મ્હારી બાઈ ટાટે મ્હને મેલ-વી આપ.

[ગુસ્તાદ સુનાને ઘડિયાલ આપેછ, સુના આ-નાકાનીથી લેછ; ગુસ્તાદ શીરિનને જ્યાં ત્યાં જોયછ.]

**સુના**——[સ્વગત] મુવો મ્હને કુટની હમજે! [ચટકા ભેરી] મર મુવા, તુને બાઇના ઓળાપરથી ઓવારૂં! [યાદ કરીને] હા! ઠીક ઠીક! સુવાને બાઇ હાથે મેલવવાને બ્હાને આ પાહેના ઓગડામાં ઘાઘો બાગણું બંધ કરીને પછી કોઇને તેગ્રી લાવી મ્હવઇ કરૂં! [ગુસ્તાદને] પણ તેવન તો હેડે શાવણીમાં ગિયેલા! જોઇયે તેવણને આ ઘડિયાલ આપીને હમજાંઊં! પણ મ્હને નહી લાગતું, કે તેવન એટલામા હમજે! લાવોની, મ્હારાગ પાહે કંઇ રૂપ્યા છે?

**ગુસ્તાદ**——આપના ટમ રૂપ્યા નઠી, પણ બાવઠીનો ટેગો મયઠીને ઠઊને હરૂટે પેહડી આયોટ, ટે આપું.

**સુના**——લવોની, જોઇયે, તેથી કંઇ વલહે હેપ લાગે.

[ગુસ્તાદ સુનાને છેડો કાહડી આપેછ.]

**ગુસ્તાદ**——આપના ટમ, ટેગો તો ટું, પણ મ્હાગો ને મ્હાગાં આય બાપનો ઠીવણી ટુગબાન ટઇ! હું ટંઇ ઢવો ટેવો આટટ ટઊંટે?

**સુના**——હું તેવનને જેમ તેમ હમજાવી આણું, તેટલા મ્હેં આય ઓરડામા બેહો. [જમની બાજુનો ઓગડો દેખા-ડેછ] ને જેહવાં બાઇ આવે, તેહવા કાલાવાલા કગજે હં! તેવન કંઇ હેજમા પહરી જાય તેવાં નથી!

**ગુસ્તાદ**——આપના ટમ, હેવું તો ટરહ, ટે ટરટ પટગી જો. હું ટંઇ ઢાક્ષ ટઊંટે?

**સુના**——ને પછી હું કરહો?

ગુસ્તાદ——એટ ટોટી ટરડ. [સુના નજર ચુકાવી કટકા મારેછ.]

સુના———ને પછી હું કરશો?

ગુસ્તાદ——એટ ટુમ્મી લેવટ, એટને બટ.

સુના———ઠીક છે, ત્હારે હું જાણીં, ત્હમે હાજ બેહજો.

– [સુના ગુસ્તાદને જમણી બાજુના ઓરડા-મા મોકલી બારણું બંધ કરેછ.]

[ધીમા અવાજે] હત તુ મરે સુના હેબચલી!

[શીરિન ડાબી બાજુના ઓરડાનુ બારણું લગાર ઉઘાડી જોયછ. અને ગુસ્તાદને નહીં જોવાથી બાહર આવેછ.]

બાઈ, બીહીતા રખે! સુવાને તાલમેનથી ગાંધી રાખેલા!

શીરિન ——ઘણું ઠીક કિધું.

સુના———મુવો તો વાત વાતમાં બાપના ટમ બાપના ટમ કરે! હવે ત્હમે થાબ જે હું કોઈને તેડી લાણીં.

શીરિન——[ઘભરાઈને] કોનને તેડી લાવશે? શેઠ ઘરમા નથી, ને નકામી ફજેતી થશે!

[બાહરથી હીજ તાડીવાલાનો અવાજ આવેછે]

હીજો——[અંદરથી] નિપારે લેરે મિઠડે નિપારે.

સુના———[ચોરીને ધીમા અવાજે] બાઇ આયતો મ્હારી માહીના દિકરાનો હાદ લાગે!

[અંગાઠાપર ચાલી બારિયેથી જોઇને ખુશ થઈ, બાઇ આગલ આવેછ.]

ખરેખર બાઇ. એતો મ્હારી માહીનો દિકરો થાય! જો એ આવડે કેની, તો સુવાને પકડીને મરથું ફેંકી દેય તો ફેંકી લાખ્ખે!

શીરિન—:-મરે તેરની! લાવની! કાહડની પીડા બાહર!

[સુના જમની તરફનુ વચલું બારણું ઉઘાડી ઇગારતથી હીજાને તેડેછ, હીજો ધ્રુજીમાં સુધ્ધાં દાખલ થઇ સુનાને જોઈ મારફૂં નીચે મુકી કોઠી કરેછ.]

**હીજો**——હુના, તુ કાહરે આવેલી? હમેતો બધાં જાણયે કે તું મ-
મભઈજ હોકે!

**સુના**——હેડ ક્યાં હતા ફેરબદલ કરવા બાઈને લાવેલા, તે હાથે હુંબી આવેલી. હું જાણું કે તું ટહેમુલદારૂ હાથે ભાડેજ હોકે, તેથી નચિન્તાઈથી બેઠુલી.

**હીજો**——બોલી જાનના લગન જ્હાંગીર હેડ હાથે થવા પછી મા-
માને કહીને હું તો તાડી વેચવાનો ધંધો કરતો છું. હઉવે!

**સુના**——[ધીમા અવાજે] તુ આયવો તો હારૂં થયું! હેડ કંઈ કામ હારૂં મમભઈ ગેયલા, ને કોઈ ઘેલો જેહવો પારસીનો પો-
યરો બાઈ કરવા ગિયેલાં તેની પૂઠે આવેલો, ને ઘેરમાં-
થી જાતોજ નથી. મેં તાલમેલથી આ ઓરડામા બંધ કિધેલો. હીજા સુવાને બાહર કાહડીને ગોર પાપડી જમાડ!

[સુના હીજાને ધીમા અવાજે બોલવાનો ઈશારો કરેછે]

**હીજો**——એ મમભઈના પોયરા તો આપણ ગામડયાવોને કંઈ ગ-
ણત્રીમાંજ નહીં ગણુતા દેખું! આપણે પૈહાથી ગરીબ તેથી આપણુને નીતિમાંબી ગરીબ હમજે! લાવની દે-
ખાડની! ગોર પાપરી તો હેવી જમાડું, કે જનમ હુધી હવાદ નહીં ભુલહે! હઉવે.

**શીરિન**——નહીંરે ભઈ, કંઈ મારતો બારતો ના હં. વખતે કંઈ કર વકર વાગી જાય તો, તે કાંહ પીડા. ઘરાનો લેનારો એ કાંહથી ધરો લેવા આવી સુવો!

**હીજો**——હમજાવાથી નહીં હમજહે, તો પછી લઈ કરીને જોઈ લેહું. પણ છે કાંહ?

**સુના**——આ ઓરડામાં બંધ કિધેલો! [સુના હીજાને ઓરડો દેખાડેછે] હમેં હેડે ગંધણીમાં છેયે હં!

- [ડાબી બાજુના ઓરડામાં શીરિન તથા સુના જાયછે, ગુસ્તાદ અંદરથી બારણું ઠોકેછે.]

**હીજો**——કાંય, કંઈ કેહતા હોહો?

**ગુસ્તાદ**——[ઓરડામાંથી] બાઈ આવી ટે?

**હીજો**——હા આવેછ. હમારે માટે બોનુ તૈયાર રાખેલું; જાહોકે?

**ગુસ્તાદ**—બાપના ટમ, મોટ્ટી ટુટીટી.

**હીજો**—હારે બપાવાના હમ, જરા થોબજો!

[જમની બાજુના ઓરડા તરફ પીઠ કરી હીજો ઉઠ બેસ કરેછ.]

હારૂં થયલું કે મામાએ તાલિમ હિખવેલી, તે આજે કામ આવહે.

[ગુસ્તાદ બારણું હંગાડી ચીમઈને જોયછ, ને હીજાને જોઇ બીહેછ.]

**ગુસ્તાદ**—અરરરર! એ આય ટોન? ઉરમાં માટીડોટો ટોઈ ઉતો નહીં, ને એ ટાંહથી આયો! બાપના ટમ ફરી ઢોયો!

[ગુસ્તાદ બારણું બંધ કરેછ.]

**હીજો**—[ઉઠીને] હીજા, હવે માટલું બાહર મુકી આવ, નહીં તો પેલાનુ કાટલું કાહડતાં માંટલાંનુ કાટલું નહીં નિકરે!

[હીજો જમની બાજુના વચલાં બારણામાંથી માટલું બાહર લઇ જાયછ; ડાબી બાજુના વચલાં બારણામાથી માણેકશા મુસાફરીના પોશાકમા આવી બારણુ ને સ્ટોપર દઈ થાકથી કંટાલીને આડો બેશેછ.]

**માણેકશા**—અંતે કાંહ, તો ઘેહરના ઘેહર. શીરિન એકાએક આવેલો જોઈ ચોંકશે ખરી! લામ્બા ટાંટિયા કરીને સુઈ જાણ, જરા મઝા પડશે. [સુવેછ] એ એમજ સમઝતી હોશે, કે હું મુમ્બાઈજ હોવશ! પેર્ટોનને કહ્યુંછ કે સામાન ફુરસુદે લાવજો, પણ જો હવડાંજ લાવશે, તો ભરમ ફુટી જશે!

[હીજો વચલે જમને બારણેથી દાખલ થાયછ, ને માણેકશાને સુતેલો જોઈ ગરદનનાજ ઇશારાથી ખબર પુછેછ. માણેકશા તેને અજાણ્યો સમઝી જવાબ નહીં આપી ચુપ રેહછ. હીજો માણેકશાને પેલો ઘેલો પારસી સમઝી મસકેરીમાં સલામ કરેછ માણેકશા પણ ડાકું હિલવેછે.]

**હીજો**——અરે વ્હારે નવલહા ગોરજી, જાણે બાપના ઘેરમાં હુતો દેખ્યું!

**માણેકશા**—[ચોંકીને] ત્હમે કોનને પુછોછ?

**હીજો**——ત્હમેં કોનને પુછો?

[માણેકશા હીજાને, ને હીજો માણેકશાને ઘેલા સમઝેછ.]

**માણેકશા**—[સ્વગત] કોઇ ખિસેલો છે શું?

**હીજો**——હું ખિહેલો, ને તું હું ઘેહલો કે?

**માણેકશા**—[ઉઠીને] ખરેખર કોઇ બિચારો ઓલ્યો ગપાટ છે! [જોયા કરેછ.]

**હીજો**——હું ઓલ્યો ગપાટ છેઊં, તે મ્હારા ઘેહરનો, પણ ત્હમે બારે ગાંઠ પુરા છેવો, તો હવે લીલું નાલિયેર ને હુક્કો ગોર લઇને મિઠડો ગારો મુકોની બાપા?

**માણેકશા**—[હસીને] જા જા ઘેલા, બાઇ પાસે જા કંઇ કેહવું હોય તો. તેવન બબરચી ખાનામાં હોશે.

**હીજો**——[ચિરડઇને] અરે બાઇ કોનની? ત્હારા બાપની કે?

**માણેકશા**—[ચિરડઇને] હેં કેમ, કેસડી આવિછ શું?

**હીજો**——ત્હારે તુને ખિચડી આવિચ હું? બાહર નિકલ હહરીના! કેહવા પુછવા વગર કોઇના ઘેરમાં ભરાતાં હરમ નહી આવતી?

**માણેકશા**—[ચિરડઇને] અરે તું છે કોન? કાંહથી આયો? ત્હારૂં ભેજું ખિસી ગિયુંછ શું?

**હીજો**——મ્હારૂં તો નહીં, પણ ત્હારૂં ભેજું ખીહી ગિયેલું, ત્હારેજ તું મ્હારી બાઇના ઘેરમાં ધુહી ગિયેલો! હઉવે!

**માણેકશા**—ત્હારી બાઇ? [તાજુબ થઇ] ત્હારે તું શું ર્‌હાં ચાકરી રહ્યોછ કે? [બધી તરફ જોઇને સ્વગત] હું કોઇના ઘેરમાં ધુસી ગિયોછ શું? [હાક મારેછ મ્હોટેથી] શીરિન? સુના? [સ્વગત] એ લોકો કહાં મરી ગિયાં!

**હીજો**——આ લેર! એતો જાણે બાપનીજ બૈરીને બોલાવતો દેખ્યું!

માણેકશા—અરે ભઇ, તુને ખબર નહીં હોશે,—હું તો શીરિનબાઇનો ધણી થાઉં, ને મ્હારૂં નામ માણેકશા છે. બાઇ કાંહ ગિયાંછ? બાઇયે તુને ચાકરી રાખ્યોછ, કે તું વ્હાં કેથે ભુલો પડયોછ?

હીજો——[ચિરડાઇને] અરે ભુલા ચુકાના માબાપ, તુંજ ભુલો પડેલો, ને મ્હને હાનો ભુલો પાડે? [હાથ પકડીને] આવની, તુને રહતે પાડું!

[માણેકશા હાથ છટકાવી નાખેછ, જેથી હીજો ચિરડઇને ગરદન દાબીને માણેકશાને જમની તરફના વચલાં બારણા તરફ ઢકેલો મારતો લઇ જાયછ.]

જો ફરીથી આવહે તો જીવથીજ મારી લાખા! વ્હાં ઉભોજ ના રેહતો!

[હીજો માણેકશાને જમની તરફના બારણાથી બાહર લઇ જાયછ. ગુસ્તાદ જમની બાજુના ઓરડામાંથી ડોકું બાહર કાહડી ઘભરાયછ.]

ગુસ્તાદ——બાપેરે આય દેવ ટાંહટી આયો! બાપના રમ, એ મ્હને ઢોંડે તો ટોર ટમઠીને મારી નાટકે! ઓ માયઢીરે

[ગુસ્તાદ રડેછ, ને હીજાને આવતો જોઇ અંદર ભરાયછ. હીજો જમની બાજુના વચલાં બારણામાંથી આવેછ.]

હીજો——હેનું હત્યાનાહ થાય, ચાંચરાના હરખી ચરબી દેખું, ને વલી મ્હારી હાથે તન પાંચ! ખવરિયાં બાંતો હોહે ઝાંપાની બાહર!

[સુના ડાબી બાજુના ઓરડામાથી ચીમઇને જોયછ, ને ગુસ્તાદને નહીં જોવાથી આવેછ]

સુના——સુવાને કાહડો કે?

હીજો——મારતાં મારતાં કુચો કાહડી લાખેલો, ને દાદરપરથી ભબડાવીને ઝાંપાની બાહર મુકી આવેલો. હવે!

**સુના**——બહુ હારૂં કિધું—બાઈ બિચારી બીબી ધુજીને હેડે રાંધ-ણીમાં ભરઈ રેહલી, તે બાહર નિહસ્તીજ નથી.

**હીજો**——બાઈ, બિચારી બહુ ભલું માણહ દિહે. [હીજો સુનાને કોટી કરેછ] ઓ મ્હારી સુના, ઘણે દાહડે મળેલાં, તે મ્હને બહુ હેત આવે.

**સુના**——એ હંધું બાહરથીજ તો! ત્હારૂં હેત તો હંધું ભોલી જાનમાં ભરાયલું, ને હુંતો હીજા પરજ મરિયા કરૂં!

**હીજો**——[ભોલાઈથી] હા. હું હાચું કેહવાનો! જહાં હુધી ભોલીજાન પરણેલી નહીં, ત્હાં હુધી ભોલીજાન પર હેત ખરૂં! પણ જહારથી તે પયણેલી ત્હારથી મ્હારૂં દિલ ત્હારામાં ભરઈ રેહલું! હઉવે!

**સુના**——તું હાચું બોયલો, ત્હારે હુંની હાચું બોલું. ભોલી જાનને લિધે હું ત્હારી પર રીહે ભરાયલી ખરી, પણ આજથી હવે હું તે હંધું ભુલી જવહ.

**હીજો**——તુ રીહે ભરાયલી, તેમા કંઈ નવઈ નહી. વાંક હંધો મ્હારોજ થયલો, કે ત્હારી મરજી છતાં મેં મરડાટ કયરા કિધેલો. મ્હને માપ કરજે બેહન! [કોટી કરીને] આજ હુધી આપણે ભઈ બેહન હરીખાં ઉતાં, પણ હવેથી આપણી બંનેની મરજી થયલી, તેથી તેહમુલ મામાને પૂછીને લગન કરીને માટી બૈયર તરીકે રહીહું.

**સુના**——બહુ હારૂં. તું આવ હીજા. બાઈ હેડે ગંધણીમાં બીહતાં હોહે! તેવન જો જાણહેકેની, કે મુવાને બાહર કાહેડો, તો ખચીત તુને રૂપ્યો આપહે.

**હીજો**——ના, રૂપ્યોતો નહી લેવાનો એટલી હું મેહનત કિધેલી, કે રૂપ્યો લેઉં! મ્હને તો ભાહે, કે ચાર આનાની મેહનત થયલી, તેથી ચાર આણા લેવાહ. હરામનુ ખાઈયે તો ફુટી નિકલે. હઉવે!

**સુના**——વારૂં તુ આવતો ખરો.

[હાથ પકડીને સુના હીજાને ડાભીબાજુના ઓરડામા લઈ જાયછ; જમની બાજુના ઓરડામાંથી ગુરતાદ ચીમઈને જોયછ.]

**ગુસ્તાદ**—એ ઠૉટા ટાંહ ઠોયો! [આસપાસ જોઈ] નાહટ બદ્દા કું- દ્દાટ, નહીંતો ઠામરયો ઠી પેપો ઠવારટે, ટો મરી ઠડે.

[ગુસ્તાદ જમની તરફનો વચલો દરવાજો હું- ગાડી જવા ચાહેછ, તેટલાં માણેકશાને ખરડાયલાં કપડાં સાથે આવતાં જોઈ ધ- બરાટમાં પાછો અસલ ઓરડામાં જવાને બદલે કબાટના ઓઠામાં ડાબી બાજુ ત- રફ ભરાઇ જાયછ. માણેકશા વચલા જ- મની બાજુના દરવાજામાંથી ચીમઇને જોઈ, કોઇ નહીં હોવાથી અંદર હાંફતા હાંફતા આવીને અફસોસ કરેછ.]

**માણેકશા**—એ મુજી મુવોછ કૌન, કૌન જાણે ! [હાંક મારેછ] શી- રિન ? સુના ? [બંને તરફના દરવાજામાં અંદર ડોકું કરી જોયછ] એ બંને મુવાં કાંહ ! ઠેઠે હાંક મારિયો તો હાંબી જવાબ નહીં મળે ! કેથે બંને જઈ મુવાંછ, ને ઘેરમા ચોર ભરાયોછ, કે મ્હને ભુતે ઘેરિયોછ ! [ગભરાઇછ] નબખોદ જાય, અરધા કોસપર જઇ આવ્યો, તોબી સોધ્યો એક સિપઈ નહીં મલે ! ગાંમ તે ગામ, ને શેહર તે શેહર ! મુમ્બઈ હોતે તો મુજીને બરોબર સવાદ ચખાડતે ! હેનો નાશ થાય તે ઉતોતો મગકુલ્યાં જેહવો, પણ ગળું દાબીને જાણે ફુટ બોલની કાની ફેંકી દિધો ! પણ એ ચંડાળ ન્હાઠો, કે કેથે ભરાયોછ !

[આસપાસ જોતાં ગુસ્તાદપર નજર પડવાથી માણેકશા ચોંકેછે,—ગુસ્તાદ ડઘાઈને જોયા કરેછ.]

[સ્વગત] હેં! વલી એ કૌન? ગામડયો, ઇચ્ચમજી કેમ થઇ ગયો? બંગલો ખાલી ઉતો તે ભુતનો ચારો બારો છે શું? [ગુસ્તાદને ઠીકી ઠીકીને જોઈ] કેમ બા ? કોન- ને પુછોછ ?

**ગુસ્તાદ**—ટહમેં ચોનને પુછોઠ ?

[ગુસ્તાદ પોતાની માફક માણેકશાને સમજેછ.]

**માણેકશા**—[સ્વગત] આયની પેલાની કાની સામ્મો મ્હનેજ સવાલ કરેછ! [ગુસ્તાદને] અરે બા ત્હમે કાંહથી આયા?

**ગુસ્તાદ**——ટહમે ટાંહથી આયા?

**માણેકશા**—[ચિરડાઈને] જાહનમમાંથી આયા! ત્હમારૂં નામ શું?

**ગુસ્તાદ**——મ્હારૂં નામ ઠાટો પીટો.

**માણેકશા**—[સ્વગત] એ બંને ખિસેલા કાંહથી મલ્યા? પેલાબી કાતરયાંનો ધસેલો ઉતો, ને આયની ચકરમ સુવોછ! [ગુસ્તાદને] ભઈ ત્હમારૂં ઘેર કાંહછે? કંઈ ભૂલા ભૂલા પડયાછ શું?

**ગુસ્તાદ**——બાપના ટમ, હું ભુલો નટી પડયો, પણ ટહમે ભુલા પડયાટ.

**માણેકશા**—અરે પણ ત્હમે બકોછ શું! ત્હમારૂં મગજતો નથી ખિસી ગિયું?

**ગુસ્તાદ**——ઢેલા હોય, ટે બિઢાનેબી ઢેવા ડમઢે. ડાહ્યાં માનટના ટપડાં ટઈ ડડડાયલાં હોય ટે? ઢગ મનને પુંટોની, ટે ઢેલું ટોન ટે? [કપડાં દેખાડેછ.]

**માણેકશા**—[ચિરડાઈને] હવે ત્હમે પાધરો જવાબ આપોછ, કે કંઈ સવાદ આપ્પવોછ?

**ગુસ્તાદ**——બાપના ટમ, હું ટઈ ટહમારા ડબરાવાટી બીહવાનો ટેઉં ટે!

**માણેકશા**—[ચિરડાઈને] અરે કાના અંડૂસ! મ્હને બોલબોછ કે નહીં? હું આય ઘેરના ધણી થાઉં! મ્હારૂં નામ માણકશા છે.

**ગુસ્તાદ**——[ધ્રુજેછ] બાપના ટમ, ટારે ટો મ્હને માપ ટરો.

**માણેકશા**—ત્હમે ધ્રુજો ના, હું કાંઇ મારતો નથી. મ્હારા સવાલનો જવાબ આપો, ને સાચ્ચું કેહવો.

**ગુસ્તાદ**——બાપના ટમ, ટાચ્ચુંજ ટેહવટ.

**માણેકશા**—ત્હમે કોન છેવો, કાંહથી આયા, ને ત્હમારૂં નામ શું?

**ગુસ્તાદ**——બાપના ટમ, મ્હારૂં નામ હુદ્દાડઢી ઠે, ને હું બીલ ટલફર ટેઉં. [ધ્રુજીને] હું ટાચ્ચું ટેહુંટ, હુઠ્ઠું નટી ટેહટો.

**માણેકશા**—ત્હારે ત્હમે એમ બરઈ કાંય રહાછ?

**ગુસ્તાદ**——ટહાં એટ ઢેલો ઢામડયો ટે, ટે મ્હને મારવા આવેટ, ટેટી બીહીને બરઈ રહ્યોટ.

**માણેકશા**—[ચોંકીને]તે ગામડયાએ શું ત્હમુનેબી સતાવ્યાછ!

**ગુસ્તાદ**——હા. [ડાબી બાજુનો ઓરડો બતાવી] ને ટે, હાં આય ઓરડામા એટ બૈરીની ટારે ભરાયોટ!

**માણેકશા**—[ચોંકીને] હેં! એ હું શું સાંભલુછ! એ શું મેહકાન ને શું ઘોંટાલો!

**ગુસ્તાદ**——[બીહીને] હવે મ્હને દવા દેવો, ટમારા પઠે લાડું!

**માણેકશા**—અરે હું ત્હામારા પગે લાગું. ત્હમે જરા થોભો, ને મ્હને મદદ કરો! એ ગામડયો ચોર છે! મ્હારી બૈરી સાથે—[ડાબી બાજુના ઓરડામાં ખખરાટ સાંભલી આસ્તેથી બોલેછ] આય શું અંદર છે!

[આસપાસ જોતાં માણકશાની નજર કબ-
ટની કુંચીપર પડવાથી ખુશ થાયછ.]

ત્હમે મેહરબાની કરીને આય કબટમાં ભરાવો, ને હું આય કરટન પાછલ સંતાઉછ. જેહવો એ મુઈ બાહર આવે, કે એકદમ ઉંચકીને દાદરપરથી ફેંકીજ દેયે ને વધારે ગડબડ કરશે, તો બેહુ મલીને ઠોકીજ નાખશું.

**ગુસ્તાદ**——બાપના ટમ, મ્હને ટો ટેહને ઠોટાંઠ બીહીટ લાહટ!

[ધુજેછ.]

**માણેકશા**—અરે ધુજેછ સાના મ્હારા સાહેબ, શું આપણે બે જન એકને પૂરા નહીં પડશું?

[માણકશા ડાબી બાજુના ઓરડા આગલ
કાન ધરેછ, તેટલાં ગુસ્તાદ ધીમા પગલે
ન્હાસવા જાયછ, માણકશા નજર પડ-
વાથી પકડેછ.]

અરે બા ત્હમે એમ ન્હસાવી શું મારોછ? આપણે બે જન છૈયે, એટલે બીહવાનુ સાનું? [કબટ હુંગાડી] જેહવી હું સીસોડી વગાડું, કે ત્હમે લાગલા બાહર નિકલી પડજો.

[માણકશા હાત પકડીને ગુસ્તાદને કબટમાં
મોકલેછે, ને બારણું બંધ કરી પોતે ક-
રટન પાછલ ભરાયછ.]

કાકા, ઘબરાતા ના હં! [જવાબ ન મલવાથી] કાકા, સાંભલોછે કે? કાકાબ્બી કેથા કોલાંવાટર દેખું!

[ગુસ્તાદ આસ્તેથી કબાટમાંથી નિકલી ન્હાસી જાયછ; હીજો રૂપ્યો ઉછારતો સુના સાથ ડાબી બાજુના ઓરડામાંથી આવેછ.]

હીજો——હુના, આય વેપારતો ઘણો હારો! હવેથી તાડી વેચવાનું માડીવાલી પોરીયો પાછલ ભમતા ટચાક પોરિયાવોને કેહડી જમાડવાનોજ ધંધો કરૂં!

માણેકશા—[સ્વગત] અરરરરર! આયતો કેથાં ન્હાં લગન લાગાં દેખું!

સુના——હીજા, લે રાત પડેલી, એક ગલાહ બરાંડી લે.

[સુના ગ્લાસ તથા બાટલી ટેબલ પરથી લેછ.]

હીજો——લાવની યાર ન્હારનું નાક હુકાય.

માણેકશા—[કરટનમાંથી] પીયો! પીયો! ત્હમારા બાપનોજ માલ!

[સુના ટમ્બલરમાં બ્રાન્ડી નામી હીજાને આપેછ.]

હીજો——(ગ્લાસ ઉચકી) આય ન્હારી બાઇની, ને ન્હારા હૈડની હલામતી! [પીયેછ.]

માણેકશા—[કરટનમાંથી] શેઠની સલામતી, કે શેઠની ખાનાખરાબી!

હીજો——[પીઇને ખંખારેછ] હે! આપણા હુરતી મહવડાંના જેહવો તો નહીં જ!

[સુના બ્રાન્ડી નામી પોતે પીવા ચાહેછ.]

સુના——હીજા, આપણા બ્યાહ જલ્દી થાય તેની હલામતી!

હીજો——બહુ હારૂ, લે મ્હારી હુના.

[સુના બ્રાન્ડી પીયેછ, હીજો કોટી કરેછ.]

માણેકશા—[કરટનમાંથી] મ્હારાં ગરીપરી જાયછ, ને આય બે તો પ્યાર ને કોટી કરી મરેછ!

સુના——હીજા, કાલે મ્હને મલી જાજે હોં! હું વાટ જોવાહ, ને મ્હને ધિરવજ નહી આવહે.

[હીજો ટેબલપરની આલબમ જોયછ, સુના બેશેછ.]

**માણુકશા**—જરા ઉભી રેહની! એ કાલે મલે, તે આગમચ હવડાંજ હેનો રસ્તો કરૂંછ!

[માણુકશા સીસોડી વગાડેછ, ને જવાબ નહીં મલવાથી ફરી વગાડેછ.]

એ કાકા, હુંઘઈ ગિયા શું? અરે બાહર નિકલી મરોની!

[માણુકશા ફરીથી સીસોડી વગાડેછ, જેથી હીજો તથા સુના ચોકેછ, ને સુનાની નજર હિલતી કરટનપર પડવાથી ઇશારાથી હીજાને બતાવી, ધીમે પગલે ડાબી બાજુના ઓરડામાં ન્હાસી જાયછ. હીજો ધીમે પગલે કબટની ડાબી બાજુ તરફ ભરાયછે.]

**હીજો**——[સ્વગત] બચ્ચાજી, તું ફરી આયો ખરો! હવે તું હીહોડી ફેંક, ને હું મ્હારી કુમ ફેંકું! હઉંવ!

[માણકશા વાર જોઇને કરટનમાંથી ડોકું બાહર કાહડેછ, ને હીજાને ન જોવાથી.]

**માણુકશા**—[ગુસ્તાદને] એ કાંહ ગીયો! અરે કાકા, બાહર આવોની!

[હીજો બાહર આવેછ, માણકશા ચોકેછ.]

**હીજો**——આવ લે બાહર આયો, હવે હું કેહ?

**માણકશા**—[ધબગયછ] જોજે એ, ખબરદાર જો મ્હને હાથ લગાડયોછ તો! [કબટ ડોકીને] અરે કાકા, બાહર આવોની યાર! ફસાવી શું મારોછ!

**હીજો**——[ચિરડઇને] અરે મ્હારા કાકાને હું કેહું, ને બાપાને હાથે! મુગો મુગો મરની, નહીતો ઝુરી ભગાવહે! [સ્વગત] એ અકુબરાનુ તો કેથું મારલુંજ-દોદરૂં દેખું.]

[હીજાને ફરેલો જોઇ, ગુસ્તાદની મદદ ન મલવાથી માણકશા ધ્બરઇને ન્હાશેછ, ને નજર પડવાથી તેની પાછલ હીજોબી દોડી જાયછ. સુના ડાબી બાજુના ઓરડાનું બારણું હુંગાડી, કોઇને નહીં જોવાથી બાહરી આગલ જઇને જોયછ.]

**સુના**——આયતો મુવો કોઇ જબરો નફ્રુત દેખ્યું! મુવાને કંઇ ઘેલું ભેલું લાગેલું કે હું! મ્હારો હીજો નકામો પટકાયા ઝટકાયા કરતો હોહે! મુવાને ભુતે ભમાવેલો લાગે, નહી તો મોહતે ઘેરેલો દીહે! બાઇને રપેને કંઇ ધાહતીથી વીચી આવે, ને ઓગનુ દોર થાય!

[સુના જમની બાજુના વરાંડાનાં બારણા આગલ જઈ.]

ખદાવજી હેઠને મોકલી દેય તો બચી મગી જવાહ, ને આવાંઈજત માયને ફૂલ હાકર ચહડાવા!

[હીજો આવેછ, સુના અધીરી થઇ પુછેછ.]

એ વરી કાંહથી મુવો આવીને ભરઈ ગિયેલો?

**હીજો**——આપણે વચલું બારણું બંધ કરતાં ભુલી ગિયેલાં, ને રાંધણીમાં હોસ્હે, તે વેલાએ આવેલો લાગે! મ્હને તો હુસ્વો ખીહેલો દીહે! કંઇ હેના ભેજાનું ઠેકાણું નહી મળે!

**સુના**——મરે મુવો માર ખાઇને મરી જાય, ને એમ કાંય કરતો હોહે?

**હીજો**——એ તજીને તુકારો, ને ગવેડાને ડફેના. કહ્યું કે બાપા જા, ભાઈ જા, પણ હાંભળેજ નહીં! પછી બે ટાંગમા હાથ ઘાલીને ગરદનમાંથી પકડી પટકી લાયઓ! ચીભડું ઝિકાય તેમ ઝીકેલો, તે પયગે પયરો પલપલ્યા કરે, ને માય બાપને ભહતાંમાંથી બોલાવે!

**સુના**——હીજા, તુ બેહજે હં, હું બાઇને બોલાવી લાઉં, નહી તો તેવાણ હપ્તીને વાર જોયા કરતાં હો કે!

**હીજો**——હા, હું બેહું. ન્હીતો વરી આવહે તો હમુને ગભરાવી માગહે!

[સુના ડાબી બાજુના ઓરાડામાં ભગેછ. હીજો બારી આગલ જઇ જોયછ.]

બરચાજી, હવે આવહે તો પોંહતોજ કરી લાખ્યા! જે બને તે ખરી! હેવાં પાપી માણહને મારીને ફાંડી ખી જવહ તો પાપ ન્હી લાગહે-[બેશેછ] હવે હું આવતો તો! હવે દાહડાએ ઘેહરો હોય, તોજ આવે તો! હવે તો

કરછા જેહવો એક તમાચો તો હેવો લગાઉં, કે બી-
હેલું ભેજું ઠેકાણે આવી જાય, ને આંખના પરદા હું-
ગડવા હાથે કાનના પરદાબી ઓલી જાય. હઉવે !

[સુના સાથે શીરિન ડાબી બાજુના ઓર-
ડામાંથી બીહતી આવેછ.]

શીરિન——ભઇ માફ કરજે હં ! હમારે લિયે તુને ઓટી થવું પડેછ.
સારૂં થયું કે તું આવી લાગો ! ખુદાવન્દે ફરિશ્તોજ
મોકલ્યો તો ! નહીં તો કોન જાણે શું નુ શું થતે !

હીજો——[હસીને] તે તો મ્હારો વહલો કેહ કેહને એમ કેહ, કે
હુંતો આ ઘરનો ધણી છું, ને શીરિનબાઇ મ્હારી બૈયર થાય !

શીરિન——[કટકા મોડી] મર મુવા એમ ! મુવાને ઘેરના ધણીના ને
શીરિનના નામ પરથીબી ઓવાસ્યો ! ઘેરનો ધણી બ-
ત્રીસ દાંતનો મુમ્બઇ છે તેમાંજતો ! નહીં તો કે અ-
ત્યારે ગોગીગામ નહીં મોકલ્યો હોતે કે ?

હીજો——બાઇ, હમારો અબ્બઇ રેહલો ધણી કાહરે પધારવાનો !

શીરિન——ભઇ, આજ કાલમાં આવવાગાંજતો. કાગળતો આવી
ચુકુંછ, ને તેવનનીજ રાહ જોઇયેછ. [સુનાને] સુના, જો
હારો સગો થોડ આવે તેટલાં આપણા ઘેરમાંજ રેહતો કેહવું
સારૂં, કે આપણને હિમ્મત આવે, ને ઘેરમાં વસ્તી થાય.

સુના——બાય, મ્હારો હીજો હમેં જેમ કેહો તેમ ચાલહે, ને
મ્હારૂં કેહલું કરવા વગર નહી રેહે. હીજા હાંભયલું કે !

હીજો——હારા કેહવાનો અનાદર કિયે દિવહે કિયેલો, કે વરી
આજે કરહ !

શીરિન——જા સુના, રાત થઇછ ને ૯) વાગા હોશે. બીચારાને ભાનુ
કરીને જમાડ, ને ગ્લાસ બ્રાન્ડી પા.

સુના——બાઇ, બરાન્ડી તો પાયલો, પણ હું હેને જમાડી લાંછ;
હમેં બીહીતાં રએ !

શીરિન——નહીં ફિકર નહીં, હું બેકીછ જા. ને તુંબી માંહડાં
ભણી કરતીજ આવજે, પછી હું જમશ.

[સુના હીજા સાથે જવા ચાલેછ, તેટલાં બા-
હારથી આવાજ આવેછ.]

**દામો**———માણકછાના છીરિનબાઈ?

[બધાં ચોંકેછ, હીરજે બારી આગલ જઈ જોયછ.]

**હીરજે**———હમે કોનને પુછોરે લોકા?

**દામો**———જી, છીરિનબાઈને.

**હીરજે**———કિયાં છીરિનબાઈ!

**દામો**———માણકછા છેઠના ઘરવાનીને. માણકછા છેઠ મમ્બઈથી આવેલા, તીમણુને છામાન લાવેલા.

**શીરિન**———[ખુશ થઈ] આવ માય, ખુદાયજી પાયા!

**હીરજે**———છેઠ કાંહ છે?

**દામો**———છેઠ આવતાસે.

**હીરજે**———આવો, ઉપર આવો.

[હીરજે વચલા જમના દરવાજા આગલ જઈ બારણુ હુંગાડી ઉભો રેહછ.]

**શીરિન**———[સુનાને] વરી સાથ સાંભલતાંજ બધા સાંધા ઝગરી ગિયાતા, ને ધારતીથી રૂવે રૂવાં ઉભાં થયાંતાં.

**સુના**———હવે જગ જીવને ધિરવજ આવહે, ને રાતના હુંગબી આવહે, ન્હીંતો ખદા ખબર રાત કેમ જતે!

[દામો તથા રામલો પેટીના કડાં હાતમાં પકડીને પેટીને અંદર લાવી મુકેછ, કે જે પેટીમાં માણકશા છુપાયલા છે. દામો બાહાર જઈ, બિછાણુ છે તે અંદર લાવી મુકેછ]

**શીરિન**———શેઠ કાંહ છે ભઈ? કયારે આવશે?

**રામલો**———તે તો ન્હી કેહવાય બાઈ! છેઠે કિયેલું કે,—

[દામો રામલાનો હાથ દાબીને ચુપ રેહવા કેહછ]

**દામો**———અરે ઓટૂ ઓટું છું બકતાસે! જોવની બાઈ, છેઠે હમણે કીયેલું કે, ત્હમારે છામાન ઘેરે મુકી આવવો, બછ બીજું કઈ નહી કીયેલું.

[માણકશા પેટીમાં છે તેવું જાણવાથી રામલો હશેછ, જેથી શીરિનને શક જાયછ]

**શીરિન**——કાંય ભઇ હશેછ કાંય? શેઠ કેયે ભગયાછ શું?

[હીરજી બારણા આગલ જોવા જાયછ, ને શીરિન બાગી આગલથી જોયછ, રામલો હશેછ, જેથી દામો રામલાનો હાથ દાબેછ.]

**દામો**——હીરે બાઇ, એ તો પેલાસે. છેઠ હમુને છામાન છવાનીન કરીને—સેતે કરીને—છાબ છાતે વાત કરવા ગિયેલા, તે હવડાં આવતા હોછે.

**શીરિન**——વારૂ ભઇ, લેવો આય હમારી હેલ.

[શીરિન બંધેને પાવલો પાવલો આપેછ, બંધે ઇશારતથી સલામ કરેછ. રામલો પેટીને જોઇને હશેછ, દામો ચિરડઇને તેને અખાડા કરવા કહી બંધે જાયછ.]

લે જા બેહન, બિચારાનુ ભોનુ કરી આવ.

**સુના**——વારે બાઇ.

[હીરજી તથા સુના ડાભી બાજુના ઓરડામાં જાયછ, શીરિન બાગી આગલ જઇ માણકશાની રાહ જોયછ.]

**શીરિન**——એ આવતો જતો મરે! નકામો મુવો પોતાના જીવને કુહડાવી મુવો!

[માણેકશા પેટી હુંગાડીને જોયછ.]

**માણકશા**——એ રાંડ ચોપરેછ કોનને?

**શીરિન**——હેના વાહલાં મરે તે મુવો દફે થયો હોય તો સારૂં!

**માણકશા**——હારાંજ વાહલાં મરેની રાંડ નાપાક, ને તુંજ દફે થાની!

**શીરિન**——હવે આવની મુવા, ને તુ હારૂં કારૂં મોહડું દેખાડની, પછી જો કે ખાસડે ખાસડે મારૂંછ કે નહીં.

**માણકશા**——ખાસડે ખાસડે મારની રાંડ હારા બાપ બપાવાને!

**શીરિન**——કેહવો જીવ કરારમા હતો, તે મુવાએ આવાને ડંગાલમાં નાખ્યો!

**માણકશા**——રાંડતો કેથી મરવાનીજ રાહ જોતી દેખું!

**શીરિન**——મુવાની સુરતપર આગ લાગે, તે છે તો મકઇ ભુટ્ટા જેહવો, ને વલી બાહર ભટકી મરેછ, ને આરાક પડી મરેછ!

માણકશા—આજે ગામડયો પસંદ પડયોછ, તેથી મકઈબુટ્ટા જેહવો લાગુંછ ! વારૂં આગલ ચાલો !

શીરિન——મ્હારૂં જો ચાલતું હોય તો હેવા મુવાઓનું નાક કાપીને ગધેડે બેસાડીને ફેરવું, ત્હારે મ્હારો અરમાન પુરો પડે !

માણકશા—રાંડ, ત્હારૂં રાજ થાય ત્યારે કેની ? તેટલાં હુંજ તુને ગધેડે બેસાડુંછ.

[સુના ડાબી બાજુના ઓરડામાંથી આવેછ ]

સુના——બાઈ, હવે ત્હમેંબી જમી લેવાતો હારૂં.

શીરિન——નહી બેહન, આજે એ આવતો મરે, તે ગસ જીવ ડડતોજ નથી, ને રહી રહીને બસ તેજ યાદ આવેછ, તેથી ભૂખબી નથી લાગતી !

[સુના બારી આગલ માણકશાની રાહ જોયછ.]

માણકશા—ભુખ કાંહથી લાગે ! ગામડયો મલ્યોછ ખરોની !

શીરિન——તારે બેહન, શેઠને કંઇબી કેહતી ના, હં ! જોજે હં ! તો નહીં નકામી પંચાત નહીં થાય.

સુના——નહીંરે બાઈ.

માણકશા—અરે રાંડ ડાકણો, શેઠ તો કયારનો ત્હમારો બેહનો રકાસ જોયછ ! ને તે રકાસ જોવાતો કપડાં વેટિંગ રૂમમા સવાધિન કરી, પેટીમાં ભરઈ આયોછ,–[સ્વગત] બચ્ચા માણક, બનતાં બને તે ખરી, કંઇ ખમવું પડે તે ખમ, પણ જરા તમાશો તો જો, કે હેમાંથી શું નિપજેછ !

[ માણકશા પેટીનું બારણું બંધ કરેછ, ગુસ્તાદ વચલું બારણું હુંગાડું જોઈ, શીરિન તથા સુનાને એકલાં જોઇ આસ્તેથી અંદર આવેછ. શીરિનની નજર ગુસ્તાદ પર પડવાથી ચીસમારી ડાબી બાજુના ઓરડામાં ન્હાશેછ, સુના પણ પાછલ દોડી જાયછ. ગુસ્તાદ ગભરઈને જમની બાજુના ઓરડામાં ભરઈ જાયછ, ને દોડતાં ટોપી પડી જાયછ. માણકશા ડોકું બાહર કાહડી જોયછ.]

ગુસ્તાદ——ઠારૂં થયું એ લોટ નાઠી ઠીયાં. હવે આપડ્ણી ભરઈ ઠઇયે.

માણકશા—એ ધબકાટ શાનો થયો. ને બેહુ દોડતાં ન્હાસી કેમ ગિયાં!

[માણકશા પેટીમાં ભરાયછે, ડાભી બાજુના ઓરડામાંથી હીજે તથા સુના આવેછે]

હીજે——એ છે કાંહ!

[હીજે વચલા જમની તરફના બારણા-માંથી બાહાર જોયછે, પછી બારીની બાહર તથા પરદા પાછળ જોયછે; એકાએક હીલતી પેટીપર સુનાની નજ-ર જવાથી, ઇશારતથી હીજાને પેટી દેખા-ડેછે; હીજે પેટીનું ઢાકણુ હિલવાથી ચોંકીને જોયા કરેછે, સુના હીજાને બાજુપર લાવી કેહછે]

સુના——[આસ્તેથી] માણકહા હેડની પેટી ખાલી હોહે, તે જો-ઇને મુવો મહી ભરાયલો!

હીજે——[આસ્તેથી] હું તાલમેલ કરૂં, તે તું હમજી જજે હં! પેટીને અડચણ મટાડવાના બાહાનાથી ખડકીમાં મુકી આવવા કેહું કેની, તો તું હા કેહજે, ને પછી હેડે લઈ જઈને ટાલું મારી, હેને હેઠ આવે ન્હાં હુધી ગાંત્રી રાખહું.

સુના——[આસ્તેથી] તે તો ખરૂં પણ ટાલું મારતી વખતે તુને કંઈબી હમજાવે, મનાવે, તો હાંભલતોજ રખે! મુવા ઘેલાના બોલવાપર ભરોહોજ ન્હી રાખવો!

હીજે——[આસ્તેથી] ઠીક. [પેટી આગળ જઇ મ્હોટેથી] હુના, બાઇ કેહજે પેટી આવેલી તેને ખડકીમાં મુકી, ઓર-ડામાંથી અડચણ કાહાડો. જરા હાત લગાડતો બેહન બંવે જણા હેડે મુકી આવ્યે.

સુના——અરે ખરારેજો, હુંબી વિહરી ગિયેલી!

[સુના તથા હીજે, બંવે, પેટીને ઊંચકીને વચલા જમના બારણામાંથી બાહાર લઈ જાયછે, ગુસ્તાદ જમની બાજુના ઓરડામાંથી બાહાર આવવા ચાહેછે, તેટલામાં ડાભી બાજુના ઓર-ડામાંથી શીરિનને ચીમાતી જોઇ પાછો ભરાઇ જાયછે. ઓરડામાં કોઇને નહીં જોવાથી શી-રિન આવેછે.]

શીરિન——[ ધભરાતી ] એ મુવો પલીદ છે, કે દેવ છે! એ છે શું! મરે કહી શયતાનનો ચારો તો નહીં હોય! મુવું સહવારે આજે કોનનું મોહડું જોયું તું! [ પેટી નહીં જોઇ ] એ ઉીજે પેટીને હેડે કાંય લઈ ગિયો હોશે! [ બારી આગલ જઈ ] માણકશાને કોન જાણે શું થયું, ને કાંહ ભરાયા! સામન આયો, ને એવન હજુર કાંહ રહ્યા!

[શીરિન જમની બાજુના વચલા દરવાજા આગલ જવા ચાહેછ. તેવામાં ટોપી પર નજર પડવાથી ઊચકેછ ]

આયતો પેલા મુવા ઓડાનીનીજ ટોપી! [ટોપીના ચામડાંમાં કાડ જોઇ] આય કાડપરથી મુવાનું નામ નિશાન માલમ પડશે. [વાંચેછ.]

ગુરતાદજી ભીમજીભાઈ કોપર,

ના. ૧૬, ન્હાનપરા—સુરત.

મરે આય ઠીક ફાંસો હાથમાં આયોછ.

[શીરિન કાડ લઈ જમની બાજુનાં વચલાં બારણામાંથી હેડે ખડકીમાં ઉીજાને ખબર કરવા જાયછ ગુસ્તાદ ચીમઈને જોયછ, ને કોઈને નહીં જોવાથી બાહર આવેછ.

ગુસ્તાદ——બાપના ટમ, ફરી ઢાંગીટ ટોબી આવવા ટમેડ. હવે ઢાંગી, ટ ઉભો રેહુ!

[ગુસ્તાદ ધવડવા જતાં ટોપી માંથાપર નહી જણાવાથી ચોંકેછ.]

એ મ્હારી ટોપી ટાંહ ડેય! [યાદ કરેછ] યાદ આવી! ટાહરે ઓડામાં ભરય ડટાં પરી ડેય હોટે, ટ મેં ઊઠી નહીં હોટે! [ટોપી જોઈને] આય રૂં ટે.

[વચલાં જમના બારણાની બાહર અવાજ થવાથી ગુસ્તાદ પાછો જમની બાજુના ઓરડામાં ભરાયછ. શીરિન, ઉીજે, તથા સુના જમની બાજુના વચલાં બારણામાંથી આવેછ.]

**હીજો**——[શીરિનને] જેહવી હુના મ્હને બોલાવા આવેલી, કે પેટી ખાલી હોહે, તેમાં ધમરઠને ભરઇ ગિયેલા! હમે તાલ-મેલથી પેટી ખડકીમાં મુકી આવવાં, ને હુનાએ ટાલું આપેલું તે મારેલું છે, એટલે હવે તેના દેવથીબી નહી ભાગવાનું! બહ. બકે, બકે, ને એજ બકે, કે હુંતો માણકહા હોતોઅચ્છું, ને હીરિનબાઇનો ધણી થાંઉં.

**શીરિન**——સુના, તુંબી ઉની કે? તેં સાંભલ્યું કે?

**સુના**——નહી બાઈ હુંતો તાલું આપીને તરત ત્હમુને રાંધણીમાં જોવા ગયલી, ને ત્હમે તો દાદરપર મયલાં.

**શીરિન**——મ્હને એમ વિચાર આવેછ, કે આય કાર્ડ મુવાની ટો-પીમાંથી મલ્યોછ, તે ઠેકાણા પ્રમાણે એ પેટી મુવાના ઘેરના ઓટલાપર મુકી આવવી જોઇયે, કે સહવારે ફ-જેતી થાય, ને ઘેરમાં ખાસડાં પડે તો ફરીથી ઓડજ ભૂલી જાય!

**હીજો**——લાવો બાઈ, બન્દો એ કામ બજાવહે.

**સુના**——હા બાઈ, એ ઠીક વાત. [શીરિન સરનામુ લખેછ.]

**હીજો**——હવે ઉંદર પિંજડાંમાં હપડાયો ખરો!

**સુના**——મરે પેટીમાં ગુંગલઇતો ન્હીં જાય!

**હીજો**——ના, પેટીમાં મ્હોટાં મ્હોટાં છેદ ઉતાંતો?

**શીરિન**——લે બા.

[શીરિન સરનામુ લખીને હીજાને આપેછ, હીજો વાંચેછ.]

**હીજો**——ગુસ્તાદજી ભીમજીભાઈ કોપર. નમ્બર ૧૯-ન્હાનપરા-હુ-રત. ઠીક, આ હું ચાયલો, પેટી ઉંચકવા કોઈ કોલીને પકડી લાવહ, ને પછી કામ બજાવહ.

[હીજો જમની બાજુના વચલાં બારણામાં-થી જાયછ, શીરિન બારી આગલ જઈ માણેકશાની રાહ જોયછ.]

**શીરિન**——સુના, મરે મ્હને તો વ્હેમ જાયછ, ને તરેહવાર ખિયા-

લ આવેછ! કાગજ આયાને તન દાહડા થયા, ને એવન આયા આજે! સામન આયો, ને હજુર માણ-કશાનુ ઠેકાણું નહીં મલે! મરે મુવા પોર્ટરોબી મ્હારા નસીબે અગરગરચા જેહવા આવી મુવા! મુવો એક તો હસિયા કરે, ને બીજો ઘર પુછડાં વગરનુ બકી ગરે! આજનો દાહડો બેરરે! ખુદા દુશમનનેની નહીં દેખાડે!

**સુના**———મ્હને તો એમ દીસે, કે હેઠ હામાન મોકળીને કંઈ કામ હારે કોઇને મળવા ગયેલા! ત્હાં હુથી એટલો વાર નહીં લાગે તો!

**શીરિન**——પણ મરે કામળી આજેજ નિકલી આયું?

[ ગુસ્તાદ જમની બાજુના ઓરડામાંથી બાહર નિકલેછ, શીરિન ચીચારી પાડી ડાબીબાજુના ઓરડામાં જઈ, બેહુહાથમાં બારણું પકડી ઉભી રહેછ. સુના હિમ્મતથી સપાટ પકડીને ગુસ્તાદને જોયછ.]

**ગુસ્તાદ**——બાપના ટમ, મેં ટહ્યુંટું ટે આવટ. ટે આયો ટેની?

**સુના**———બાઈ, બીહીતાં રએ, એ તો ભુતારૂં દેખું! [ હાતના ઈશારાથી ભુત સમજીને ગુસ્તાદને જવા કેહછ ] હટ! હટ! લાનત! લાનત!

**ગુસ્તાદ**——બાપના ટમ, હું ટંઇ ભૂત નટી, હું ટો હીરા ઠેવું માનસ ટેઉં.

**સુના**———[હીમ્મથી] તો મનીખ મુવા, હવડાંતો તુને પેટીમાં ઢાંકીને ત્હારે ઘરે મોકયલો, ને હોજી ન્હીં આયવો એટલાંમાં તુ કાંહથી આયવો! ગ્હતામાંથીજ ઉડી આયવો કું!

**ગુસ્તાદ**——બાપના ટમ, ટમે બીહરાવાને કટી હુકુ બોલોટ! હુંરો ટાહરનો આય ઓઢામાં ભરાયલો ટેઉં, ટાહરે પેટીમાં ટાહરે બંધ ટિહ્લા!

**સુના**———બાઇ ત્હમે ગમે એમ કેહો, આતો ભૂતનો ચાળો દેખું!

એતો મુવો હાંજ બરાયલો. ત્હારે ઉીજો પેટીમાં કોનને લઇ ગિયેલા!

શીરિન——હું શું જાણું! મુવું આટલા દાહાડા કંઇ નહીં, ને આ-જેજ કાંહથી ભુનાઇંગી ઉલટયુ!

ગુસ્તાદ——[હસીને] અરે વાહવાડો વાહવા! મઢા [કુદીને] પડી! મઢા પડી! ગ્હારે બદલે ટોર્ન બીઢાને પેટીમાં બંધ ટિઢા, ને આપડ તો બાબટી ઢીગા!

સુના——મરે આય હું કોતક! [ગુસ્તાદને] હવે જાની બાપુ, પ-તની! ત્હારે પેરે બારે જાની! [ટચાકરી ફોડીને] હા-રેમન પર લાનત! હારેમન પર લાનત! હકહતે હક-હતે હેતાન, હકહતે હકહતે હેતાન!

ગુસ્તાદ——હું ટેહટાન નટી ટે પડું! હુંટો ટાઢઢરા ઢીવનો ને હું-વારો હુટટાટઢી ટેઉં!

[સુના ચિરડાઇને હિમ્મત કરી, આંગપર ધસી, સપાટે ગુસ્તાદને મારેછ.]

સુના——હત તું મરે મુવા ચોર! હાંજનો દુખ્ખ દેયને ભમાવવા કરે!

ગુસ્તાદ——બાપના ટમ, પેલી પેટીમાં ટહમેં ટોનને બંધ ટિઢા, ટેઢા-ઇને પાટો આંઉંટ?

[ગુસ્તાદ જાયછ, સુના પીઠપર સપાટ મારી, બારણું બંધ કરી સ્ટૉપર દેછ, શીરિન આવીને બારિયેથી જોયછ.]

શીરિન——આય સું મુવો ચાલ્યો! મૂવો ભૂતબી નથી ને શેતાનબી નથી!

સુના——ત્હારે ભુત ન્હીં હોય, તો ઉીજો કોણની કરકટી લઇ ગિયેલા?

શીરિન——મરે હુંબી તેથીજ ઘબરાઉંછ કે એ છે શું! કંઇને કંઇ ઘોંટાલો છે ખરો! હવે ઉીજો આવે તો ખબર પડે.

સુના——ઉીજો કંઇ કાચું કામ ન્હીં કરે તો! કરહે તો પાકુંજ કરહે.

શીરિન——પણ શું પાકકું કરે? મુવો હારેમન તો રહી ગિયો, ને

હારેમનને બદલે કોણ જાણે કોન ફરે’તો અંદર સપડઈ ગિયો (જોઈને) આ લે, હીજો આયો !

[શીરિન જમની બાજુના વચલાં બારણાં આગળ જઈ બારણું હુંગાડેછ, હીજો આવેછ.]

કેમ હીજા ?

હીજો——હવે બે ફિકર રેહો. અંધારી રાત છે, તેથી હવડાં તો ઓટલાપર કોઈ જોવાનું નથી, પણ બામદાદમાં ચોક ચાદન કરતી વખતે કોઈને જણાહે, ત્હારે કમરકાકરી કાકાની લેવડી થહે !

શીરિન——અરે એ તું શું બોલેછ ભઈ ! તે તો હવડાં મુવો આય ઓરડામાંથી બરાયલો નિકલી આયો, ને હમે ધસકે મરી ગિયાં !

હીજો——હાસ્યે ?—હું નહીં માણવાનો ! એ આ હુ ઘોંટાલો થાય, તે હમજ પડતી નથી છે.

શુના——અરે હારે હીજા, ખરી વાત ! મુવાને ખાહડે ખાહડે મારીને મેં કાહડેલો, મુવો તો નકત નાબે કેહકે જે "બાપના ટમ, હું પાટો આવીટ !"

હીજો——ત્હારે તો ભઈ વ્હમને ખરેખરાં ભૂતેજ ઘેરેલાં ! બગાર તરે બરે છાંટો, ભુતારૂં ઉતરેલું, તેથી હંધાને ભમાવવા કરે !

શુના——પણ હેડ હજુર આયવા નહી, તેનુ કેમ ? હામાન આપવા ગિયાનેબી જુગ થઈ ગિયેલા ! બયરેરે એ ઘેર ! હેડ આવેને ખાલી કરી લાખજો હં બાઇ !

શીરિન——સેઠને લિધે બલાપામાં પડીછ તો ! કે મદઇને તેવણને તો નહીં ભમાવ્યા હોય !

[વચલું જમની બાજુનું બારણું ઠોકવાનો અવાજ આવેછ, બધાં ચોંકેછ.]

એ કોન માણકશા કે?

[હીજો બારણા આગલ જાયછ, ને બારણું હુગાડી માણકશાને પગથી તે માથાં સુધી વરસાદના પોશાકમાં હાથમાં કાગલ લઇ ને આવેલા જોયછ; હીજો માણકશાને ઓલખતો નથી.]

**હીજો**——હું છે બાઇ, કાંહથી આયવો?

[માણકશા મુગા હોય તેમ બબડીને પેલું કાગલ હીજાના હાથમાં આપેછ.]

અંદર આવ બાઇ.

[હીજો માણકશાના હાથમાંથી કાગજ લઇ માણકશાને અંદર સાથે લાવી, કાગલ શીરિનને આપેછ.]

એતો કોઇ બિચારો મૂગો છે, ને કાગલ લાઇવોચ!

[શીરિન કાગળને ઘબરાટમાં ઉઘેડછ.]

**શીરિન**——મરેરે ધ્રુજરાં છૂટેછ! રખેને માણકશાનું કાગળ હોય! હાવી મોડી રાતે કાગળ બીજું કોનનું આવે? [કાગજમાં જોતાંજ] આય શું, અક્ષર તો માણકશાનાજ છે! [વાંચેછે] પ્યારી પણ અકારી શીરિન,—આય શું, કંઇ મોહકાન થયલી લાગેછે! [શીરિન ગુપચુપ વાંચેછ.]

**માણકશા**—[સ્વગત] હં! હવે ધસકો પડયો!

[હીજો સુનાને ઇશારાથી માણકશા ઉભાછ તે તરફ તેડીને પુછેછ.]

**હીજો**——બાઇ કેહ કે મોહકાન થયલી, તે હું?

[સુના હીજાને ચુપ રેહવા કહી શીરેનનું મોહડું જોયછ.]

**માણકશા**—[સ્વગત] હં! હવે ગામડયાના પેટમાં ગબડી ચાલી!

**સુના**——પેલો મુવો આવેલો, તે હેઠને ખબર થયલી લાગે!

**માણુકશા**—[સ્વગત] પેલો કોન? ગામડયો તો આંજ છે, ત્હારે વલી બીજો કોન મુવોછ!

**શીરિન**——[વાંચતાં અચરત થઇને] ઓવાય મરેરે! હવે કેમ કરૂં! બે તન વખત કેથા માણુકશા આયા દેખું, ને પેલા મુવાના ધોકામાં તેવન કુંટઇ ગિયા!

**હીજો**———[અજબ થઇને] ઇયે તેની! એમ કેમ થયલું!

**શીરિન**——[સુનાને] આપણે તો હીજાને મદદ ને હિમ્મતને સારૂ રાખ્યો, ને તેવનતો હીજાને જોઇને બ્હેમાયા દેખું!

[શીરિનના હાથ ધ્રુજેછ.]

**સુના**———હાય હાય!

**શીરિન**——[ગભરાટમાં] બીજું લખેછ, કે [સાંધણ શોધેછ.]

**માણુકશા**—[સ્વગત] અરરર! ત્હારે તો કંઇબી ચોટાલો ગુચવાડો થયલો લાગેછ!

**શીરીન**———[વાંચેછ] "મેં ત્હમુને ઘણાબી હાંક મારયા, પણ ત્હમારો જવાબજ નહીં મલ્યો હતો." [સુનાને] મરે બીહીકથી આપણે બબરચીખાનામાં ભરાયા કિધાં, તેથી સાધ આપણા સાંભલવામાં નહીં આયો:

[સાંધણ શોધેછ.]

**માણુકશા**—બસ. બરોબર! કંઇબી ધાંમટ ગુચવાડોજ થયલો છે.

**શીરિન**——[વાંચેછ] આવતી વખતે હું સ્ટેશનપરજ મ્હારાં કપડાંની પેટી પોર્ટરોને સોંપી આયો હતો, તેજ પેટીમાં બેશી, ઘેરમાં શું ઘોંટાલો છે, તે જાણવા, હું તીજી વખત ઘેરમાં આયો હતો. [સુનાને] ઓ વાય મેરે મેં શું કિધું!

[સાંધણ શોધેછ]

**હીજો**——ત્હમેંતો કંઇ નહીં કિધેલું, પણ મેં તો કેહરી જમાડેલી તેનું કેમ?

**શીરિન**——[વાંચેછ] મેં પેલા ગામડયાને કેટલી વખત કહ્યું, કે હું માણુકશા છેઉં, હું શીરિનબઇનો ને ઘેરનો ધણી થાઉં, પણ પેલા બૂબક ગામડયાએ—[અક્ષર ઉકલાતે છ]

હીરજી——એ ખૂબખ, ગધેરા, હઉજતા!

શીરિન——મ્હારૂં કંઈ નહીં સાંભળ્યું, ને મ્હને પેટી મુધ્ધાં ઉચકી કોઈના ઓટલાપર લઈ જઈ નાખ્યો! પેટીમાંની મ્હારી બુમથી એક ઘરડો ડોસો ખડકીમાંથી બાહર નિકલી આયો, અને તેને મ્હને બાહાર કાહાડી, ઓલખ્યાથી તથા સઘલો ખુલાસો જાણ્યાથી, મ્હારો છુટકો થયો હતો. પેલા ધામટ જેહવા પારકા શખ્સને, તથા પેલા લુચ્ચા ગામડ્યાને,— [ અક્ષર ઉકલાવેછ ]

હીરજી——ઠાર માયરા તો મારા બાપ!

શીરિન——ઘેરમા જોવાથી, તથા મ્હારા બુગ હાલ થવાથી, કાંઈ બૂરા વિચારે મ્હારા મગજમાં વાસો કિધોછ, અને તેહવા સમયે મારા વ્હાલી સામે આવવાથી કાંઈ માંઠુ પરિનામ નિપજે, તેથી લગીને મ્હને જણાવવું, કે ઘેરના ગુચવાડાનો એ શું સબબ છે?

લા. ગુજરેલી કેફિયતના ખુલાસા માટે અધારો તથા ઇંન્તેજાર, માણક.

[ શીરિન અધીરી થઇ પૂછેછ ]

ભઇ, શીક કાંહ છે? [ માણકશા, ઇશારાથી, દૂરછે હેવું જણાવેછ. ]

મરે એગ્ની મુવો મ્હારે નસીબે મૂગો મલ્યો!

માણકશા—[સ્વગત] ચોપર! ચોપર! હજૂર અંગૂઠી હોશે!

શીરિન——વારૂં ભઇ, તુને ચિઠ્ઠી આપું તે લઈ જશે?

[ માણકશા ડોકું હિલવી હા કેહછ ]

હીરજી——ઇયે! એ હાંભલે, ને બોલતો કેમ નથી?

[શીરિન લખવા બેશેછ. ગુસ્તાદ, જમની બાજુના વચલાં બારણામાંથી આસ્તે આવી, બારીની કરટન પાછલ ભરાયછ, જેની ઉપર ફકત માણકશાની નજર પડેછ.]

**માણુકશા**—(સ્વગત) અરરરર! આય બચી મોહકાન કાકા કોલાં-વાટરની દેખુ? ઈનકમ ટેક્ષનો હુધડાવતો મરે. તે કેયો એ તો આય ટેક્ષ હુધડાવી મરતો દેખું? ઉભો રેહ બરચ્યા, હવે તુ સપાટામાં આયેછ!

**હીજો**——બઈ તુ હેડને મ્હને દેખાડહે? હેડ આગળ હું આઉ!

[માણકશા ઇશારતથી ના કેહછ, ગુસ્તાદ બીહીને ન્હાસવા જાયછ, તેની પર હીજા-ની નજર પડવાથી દોડીને પકડેછ, સર્વે ઘભરાયછ]

હત ત્હારે હલ્વાનાહ થાય ત્હારૂં!

[પેટમા ઠોંસો મારેછ.]

**ગુસ્તાદ**——ઓ બાપે! [ગુસ્તાદ બુમ મારેછ.]

**હીજો**——આય બધો ત્હારો ઘોંટાલો છે.

[હીજો ગુસ્તાદને પટકીને નીચે નાખેછ, શી-રિન તથા સુના ચિરડઈને ગુસ્તાદને ખા-સડે મારેછ.]

**ગુસ્તાદ**——બાપના ટમ, મરી ઢવટ!

**શીરિન**——મુવા મેડ, ત્હારે લિધે મ્હારો સુના જેહવો ધણી ફુટ-ઈ ગિયો, તુ મરે!

**સુના**——મુવા ધામટ, ભેજું પોચું થયલું, તે કપાલ પર જલો મુ-કાવની!

**હીજો**——તો ત્હારૂં હલ્વાનાહ થાય! તુને હમજીને મેં હેડને મા-યગ કિધેલા, તે હવે હેડને મ્હોડું હું દેખાડહ!

**માણુકશા**—[સ્વગત] બરોબર, હવે સમજ પડી! આ તો ગુ-સ્તાદે બધું ધામટ કીધેલું દેખું!

**શીરિન**——હીજા, શેઠ આવે ત્હાં સુધી મુવાને છોડતો ના. હવડાં આય બિચારો ચિઠ્ઠી લઈ જશે, ને શેઠ આવી લાગશે. મેં બધો ખુલાસો લખ્યોછ.

[માણકશા ડગલો ટોપી કાહડી નાખેછ, બ-ધાં ચોંકેછ.]

માણુકશા—બધ્ધો ખુલાસા જાણી ચુકોછ.

[હીજે ખીહેછ, શીરિન માણુકશાને વલગી પડેછ, ગુસ્તાદ ધ્રુજેછ.]

શીરિન——આ હું મઇરે ત્હમારી ઉપરથી!

માણુકશા—[ગલે લગાડી] કંઇ નહીં, એ બધો મ્હારો વાંક છે! ખુદાયે મ્હને વાજબીજ સજા કિધીછ, ત્હારા જેહવી આલેસ દિલની ધણયાણીનો ધણી થવા છતાં, સંસાર સુખ ઉપર ધ્યાન નહીં આપી બાહર ભટકવા કરેછ!

[હીજે ખીહતાં ખીહતાં માણકશાનો મિજાજ તપાસવા સારૂં સાહેબજી કરી જોવછ.]

હીજો——હાએબ મેહરબાન હેઠ!

[માણકશા ડોકું હિલવીને અખાડા કરી, ગુસ્તાદ તરફ ધિક્કારની નજરથી જોવછ.]

માણકશા—કેમ કાકા, ત્હમુને શરમ નહીં આવી, કે કોઇ બાઇ માણસને એકલી જોઇને ઘેરમાં ઘુસી આવા?

ગુસ્તાદ——[ધ્રુજીને] ઠી. હું ટો ટેની-ટે-બાપના ટમ, ટારૂંઠ ટેહુંટ,-

માણુકશા—ત્હમેં ટેક્ષના ખીજ એમ હુગડાવોછ કે?

હીજો——ત્હારે હરકારે જે ઇનકમ ટેકહ નાખેલો, તેનો હપતો એવન હુઘડાવતા દેખ્યું? [પેટમા ઠોંસો મારી] તો લેની મ્હારા બાપ, આય મ્હારેખી હપતો!

[ગુસ્તાદ બુમ મારેછ.]

ગુસ્તાદ——બાપના ટમ,મરી ઠીયો મ્હારા બાપ!

માણુકશા—ભઇ, જવા દે, હેના મગજનું ઠેકાણું કાંહ છે?

ગુસ્તાદ——[ટોપી ઉતારી શીરિનબાઈ પાસે માફ માંગેછ] હું ટો રોઠ ટહમુને એટલાં ફરટાં ઢોઇને ઠમઠીયો, ટે ટહમેં ટોઇ ફરાબ બેઠી હોટો-પણ હવે હું માંપ માંહુટ, ને પઠ લાહુટ.

શીરિન——જોવો આય એકલાં ફરવાની મોહકાન! ત્હમેં સાથે લઇ જતા હોતે, તો કોઈ હેવી અજાપચારી કરતે! જેમ દોસતદાર સાચવો, તેમ ઘેરખી સાચવો.

માણુકશા—તુ ના બોલ. ધક્કા ખાયા છતાં, ને છટકાંમા આવો

ઉંદરના જેહવા બુરા હાલ થયા છતાં હું નથી બોલતો, તેનું કારણજ એ, કે તુને હાવી જગાપર એકલી મેલી, નહીં જવું હતું

**હીજો**———એમ અરે કે બાપા? ચાલ ત્હારે તો આપણે છુટા! ત્હારનો મ્હારો દમ તરેનો તરે, ને ઉપરનો ઉપર ઉતો, કે આપણા હું હાલ થહે! પણ ત્હેમંજ ત્હમારી ભુલ કબુલ્લા, એટલે બહ! હવે!

**શીરિન**———સુના લાવ પેલું ઘડિયાલ ને છેડો, ને આપ કાકા ચગડાલને.

[સુના ઘડિયાલ છેડો લેવા જાયછ.]

**માણકશા**—કાકા કોલાંવાટર, ત્યારે શું કોઇ બૈરી એકલા મળે, તે અગાઅજ હોય કે?

**ગુસ્તાદ**———નહીંઢી, માપ ટરો.

[ સુના ઘડિયાલ છેડો લાવી માણકશાને આપેછ. ]

**માણકશા**—હીજા, આપ આય ગુસ્તાદજી ઘામટને, ને લાત મારીને બાહર કાહડ, કે ફરીથી કોઇની બાઈ બેટીપર બુરી નજર નહીં રાખે!

[માણકશા આપેછ તે છેડો ઘડિયાલ લઇ હીજો ગુસ્તાદના ગળવામાં મુકેછ, ને પીઠપર લાત મારી બાહર કાહડી, સ્ટેપર દેછ.]

**હીજો**———નિકર ત્હારૂં હત્યાનાહ થાય ત્હારા ઘામટનું!

[હીજો આવી સલામ કરેછ ]

**માણકશા**—હીજા, તેં મ્હારી કુન્દી કરવામાં કંઈ બાકી નથી રાખ્યું, પણ ગુસ્તાદજીએ ઘામટ કરવાથી તેમ બન્યુંછ, એટલે ગુસ્સો કરવાને બદલે હું ખુશીથી ખુશ છું. [શીરિનને] સારૂં થયું કે વોટર પ્રૂફ કોટ વેરિંગ રૂમમાં ભુલી ગયોતો, તે આય વખતે કામ આયો!

**સુના**———જી એ મ્હારી માહીનો દીકરો થાય! એલો ઘાંમટજી, અરે ગુસ્તાદજી આવેલો, ને બાઇ ઘભરઇ ગિયેલાં, તેથી મેં હેને બોલાવીને ત્હમેં આવો, ત્હાં હુધી રાખેલો.

શીરિન——ખરેખર! ઘોંટાળો તો પેલા સુવાને લિધે થયો, પણ હીજાથી હમુને હિમ્મતતો ઘણી હતી.

હીજો———ઠેઠ, હવે એ ધાંમટના ઘોંટાલામાંથી મોકળા થવા પછી મ્હારી વિન્તી છે, કે કંઈ ફુટિયાંની મદદ કરી, મ્હારી હુના હાથે મ્હારા બ્યાહ કરી આપો! ભોલીજાનબી ઠેકાણે પડલી ને હવે મ્હને ઠેકાણે પાડો.

માણુકશા—ઠીક છે, જો ત્હમેં બંને રાજી છેવો, તો તેમ કરવાને હુંબી ખુશી છું.

હીજો———ને ત્હમેં ખુશી થહો, તો પછી ટેહમલા મામાતો ખચીતજ ખુશી થવાના.

માણુકશા—પણ તુ પણ્યા પછી મ્હારી ખાતરી બરી ખિદમત કરશે કે?

હીજો———[તમાશાગીર તરફ હાથ કરી] અરે હેઠ, આ આખ્ખું ગામ જાણે, કે મેં કેહવી ખિદમત કિધેલી? ને વઈ ફરી ધાંમટ ઘોંટાલો નહીં થાય, તે માટે વખત આવશે ત્હારે હીજો ત્હમારી ખાતરી કરી આપહે!

ખતમ.

———